# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-11-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : TUESDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં ધ્વજારોહણ સમારોહમાં ભાગ લેશે
2) છત્તીસગઢમાં પ્રતિબંધિત કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા ના (માઓવાદી)15 સભ્યોએ આત્મસમર્પણ કર્યું
3) ચૂંટણી પંચે જણાવ્યું છે કે SIR ના બીજા તબક્કામાં અત્યાર સુધીમાં મતદારોને 50 કરોડ 50 લાખ થી વધુ મતગણતરી ફોર્મનું વિતરણ કરાયું
4) યુરોપના નેતાઓએ રશિયા યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા-માટે અમેરિકાની શાંતિ દરખાસ્તો પર જીનીવા વાટાઘાટોમાં પ્રગતિનું સ્વાગત કર્યું
5) ભારતીય મહિલા કબડ્ડી ટીમે ચાઇનીઝ તાઈપેઈને હરાવીને સતત બીજી વખત મહિલા કબડ્ડી વિશ્વકપનો ખિતાબ જીત્યો

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM AYODHYA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશના અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં ધ્વજારોહણ સમારોહમાં ભાગ લેશે.

અમારા સંવાદદાતાના જણાવે છે કે પ્રધાનમંત્રી મહર્ષિ વશિષ્ઠ, મહર્ષિ વિશ્વામિત્ર, મહર્ષિ અગસ્ત્ય, મહર્ષિ વાલ્મીકિ, દેવી અહલ્યા, નિષાદરાજ ગુહા અને માતા શબરીને સમર્પિત સપ્ત મંદિરની પણ મુલાકાત લેશે. ત્યારબાદ , પ્રધાનમંત્રી શેષાવતાર મંદિર અને માતા અન્નપૂર્ણા મંદિરની મુલાકાત લેશે તથા ગર્ભગૃહમાં રામ દરબારમાં પ્રાર્થના કરશે.

બપોરે લગભગ 12 વાગ્યે પ્રધાનમંત્રી પવિત્ર શ્રી રામ જન્મભૂમિ મંદિરની ટોચ પર ભગવા રંગની ધજા ફરકાવશે. જે મંદિરના નિર્માણની પૂર્ણતાનું પ્રતીક છે અને રાષ્ટ્રની એકતા અને પરંપરાગત વારસાની ઉજવણી કરે છે. અમારા સંવાદદાતાનો એક અહેવાલ સાંભળીએ..

(બાઇટ – સુશીલ તિવારી)

. . . . . . . . . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 30 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત " કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128-મી કડી હશે.

લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને મંતવ્ય ટૉલફ્રી નંબર 1800-11-7800 પર મોકલી શકશે. તેઓ નરેન્દ્ર મોદી ઍપ અથવા MYGOV ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના મંતવ્ય મોકલી શકે છે. આ ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને ટૂંકી સંદેશ સેવા – SMSના માધ્યમથી પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકશે. મંતવ્ય સ્વીકારવાનો છેલ્લો દિવસ 28 નવેમ્બર રહેશે.

. . . . . . . . . . . . . .

# MAOISTS SURRENDER-CHHATTISGARH

છત્તીસગઢમાં પ્રતિબંધિત કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદી) ના 15 સભ્યોએ ગઈકાલે આત્મસમર્પણ કર્યું. તેમના પર આશરે 50 લાખ રૂપિયાનું ઈનામ હતું. તેમાં 10 પુરુષો અને પાંચ મહિલાઓનો સમાવેશ થાય છે. આ જૂથે સુકમા જિલ્લા પોલીસ મુખ્યાલય ખાતે પોલીસ અધિક્ષક કિરણ ચવ્હાણ સમક્ષ આત્મસમર્પણ કર્યું. જેમાં પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મીના ચાર સભ્યોનો સમાવેશ થાય છે.

મીડિયા સાથે વાત કરતા પોલીસ અધિક્ષક કિરણ ચવ્હાણે જણાવ્યું હતું કે કુખ્યાત માઓવાદી માડવી હિડમાની હત્યા બાદ વધતા ભયનું આ પરિણામ છે. દરેક આત્મસમર્પણ કરનાર વ્યક્તિને 50 હજાર રૂપિયાનું તાત્કાલિક પ્રોત્સાહન આપવાની જાહેરાત કરતાં તેમણે અન્ય માઓવાદીઓને હિંસા છોડી દેવાની અપીલ કરી.

આ વર્ષે છત્તીસગઢમાં આત્મસમર્પણ કરનારા માઓવાદીઓની સંખ્યા 650 ને વટાવી ગઈ છે. કેન્દ્ર સરકાર માર્ચ 2026 પહેલા માઓવાદને નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# EC – SIR

ચૂંટણી પંચે જણાવ્યું છે કે SIR ના બીજા તબક્કામાં અત્યાર સુધીમાં મતદારોને 99 ટકાથી વધુ મતગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં 50 કરોડ 50 લાખ થી વધુ મતગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. SIRનો બીજો તબક્કો ચોથી નવેમ્બરના રોજ છત્તીસગઢ , ગોવા, ગુજરાત, કેરળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી, લક્ષદ્વીપ અને આંદામાન અને નિકોબાર ટાપુમાં શરૂ થયો. મતદાર યાદીઓનું મોટા પાયે સંશોધન આવતા વર્ષે 7 ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદીના પ્રકાશન સાથે પૂર્ણ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# EUROPE-UKRAINE WAR

યુરોપના નેતાઓએ રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા માટે અમેરિકા શાંતિ દરખાસ્તો પર જીનીવા વાટાઘાટોમાં પ્રગતિનું સ્વાગત કર્યું છે. ગઈકાલે સ્વિટ્ઝર્લૅન્ડમાં યોજાયેલી બેઠકમાં અમેરિકાના 28-મુદ્દાના શાંતિ પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવી હતી.

ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે વાટાઘાટો એક પગલું આગળ વધી છે , પરંતુ મુખ્ય મુદ્દાઓ ઉકેલવાના બાકી છે. જર્મનીના વિદેશમંત્રી જોહાન વાડેફુલે જણાવ્યું હતું કે સ્વિટ્ઝર્લૅન્ડમાં વાટાઘાટો દરમિયાન અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ આ યોજના યુરોપ અને યુક્રેન બંને માટે સ્વીકાર્ય હોવાની ખાતરી કરવા માટે નિર્ણાયક હકારાત્મક યોગદાન આપ્યું હતું.

મીડિયા સાથે વાત કરતા શ્રી વાડેફુલે કહ્યું કે યુરોપ અથવા નાટો સંબંધિત તમામ મુદ્દાઓને યોજનામાંથી દૂર કરવામાં આવ્યા છે , જે ગઈકાલે પ્રાપ્ત થયેલી નિર્ણાયક સફળતા છે. શ્રી રુબિયોએ વાટાઘાટોને ગણાવી સકારાત્મક પરિણામોની આશા વ્યક્ત કરી.

આ યોજના યુક્રેન પર તેના કેટલાક પ્રદેશ રશિયાને સોંપવા અને તેના સૈન્યનું કદ ઘટાડવા માટે દબાણ કરે છે. આ પ્રસ્તાવમાં યુરોપને એ પણ સંમત થવાનું કહેવામાં આવ્યું છે કે યુક્રેનને ક્યારેય નાટો લશ્કરી જોડાણમાં સામેલ કરવામાં આવશે નહીં. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ કહ્યું કે રાજદ્વારી પ્રવૃત્તિ ફરી શરૂ થઈ છે અને જીનીવા બેઠકથી યુક્રેન માટે થોડી આશા જાગી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

National Morning News 25-11-2025 at 7.45-7.55 AM-8

# LABOUR CODES - REAX

નવા શ્રમ સંહિતા સુધારાઓ અંગે એર ઇન્ડિયા એરક્રાફ્ટ એન્જિનિયર્સ એસોસિએશન દિલ્હીના જનરલ સેક્રેટરી એસ.એન. ભટ્ટે દેશમાં ચાર શ્રમ સંહિતા લાગુ કરવાનું સ્વાગત કરી તેને એક પ્રશંસનીય પગલું ગણાવ્યું છે. તેમણે કહ્યું કે નવા શ્રમ સંહિતા હેઠળ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગિગ વર્કર્સ, પ્લેટફોર્મ વર્કર્સ અને તમામ અસંગઠિત ક્ષેત્રના કર્મચારીઓને સમાનતા આપી છે.

(બાઇટ – એસ.એન. ભટ્ટ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KABADDI-INDIA

ભારતીય મહિલા કબડ્ડી ટીમે ઢાકામાં ચાઇનીઝ તાઈપેઈને 35-28 થી હરાવીને સતત બીજી વખત મહિલા કબડ્ડી વિશ્વકપનો ખિતાબ જીત્યો છે. ભારતે ગ્રુપ સ્ટેજમાં ચારેય મેચ જીતી હતી. સેમિફાઇનલમાં ભારતીય ટીમે ઈરાનને 33-21 થી હરાવ્યું હતું. ગ્રુપ બીમાં ટોચ પર રહેલા ચીને બાંગ્લાદેશને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. સ્પર્ધામાં 11 દેશોની ટીમોએ ભાગ લીધો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય ટીમને આ જીત બદલ અભિનંદન પાઠવતા કહ્યું હતું કે આ જીત યુવાનોને પ્રેરણા આપશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- તમામ અખબારો એ બોલિવુડના હિમેન ધર્મેન્દ્રના નિધનના સમાચારને મુખ્ય હેડલાઇન બનાવી છે.
- ગુજરાત સમાચારે બોલીવૂડના વન એંડ ઓન્લી હિમેન ધર્મેન્દ્રની અલવિદાને સિતારાઓની તસવીર સાથે શીર્ષક બનાવ્યું છે..
- સંદેશે ધર્મેન્દ્રના બ્લેંક અનેડ વાઇટ ફોટો સાથે તેમના અવસાનની હેડલાઇન બનાવી છે .
- ફૂલછાબે ધર્મેન્દ્ર ગુડ બાય ...સાથે શોલે ફિલ્મના ટાંકી વાળા સિનની તસવીર છાપી છે
- જસ્ટિસ સૂર્યકાન્ત બન્યા 53 માં મુખ્ય ન્યાયધીશને બોક્સમાં છાપ્યા છે
- સ્થાનિક સમાચારોમાં દિવ્ય ભાસ્કરએ છત્રી લઈને સિમ કાર્ડ વેચતા 2 એજન્ટે ગ્રાહકોના નામે એક હજાર સિમ ખરીધ્યા ને છેલ્લા પેજ પર ફોટો સાથે છાપયા છે અને અમદાવાદમાં પ્રથમ ટર્મ માટે નવા મેયર OBC માથી આવશે ને છેલ્લા પેજ પર છાપયા છે
- ઇસનપુર તળાવ મેગા ડિમોલીએશન ,935 કાચા પાક્કા મકાન તોડયા ને પણ ગુજરાત સમાચારે સ્થાન આપ્યું છે
- સી.એમના આદેશ છતાય પણ મંત્રીઓ સોમ -મંગળવારે હાજર રહેતા નથી ના સમાચારને છેલ્લા પેજ પર છાપયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .